હોર્મુઝની સામુદ્રધુની પસાર કરી પ્રથમ ભારતીય ટેન્કર મુંબઈ પહોંચ્યું

ભારત તરફ આવતા બે તેલવાહક જહાજો ટ્રેકિંગ સિસ્ટમ બંધ કરીને હોર્મુઝની ખાડીમાંથી પસાર થઇ ગયા

સાઉદી અરેબિયાએ હોર્મુઝની ખાડીનો માર્ગ ટાળવા પશ્ચિમી બંદરેથી લોડીંગ શરૂ કર્યું

મુંબઇ, તા. ૧૨ઃ મધ્ય પૂર્વના તણાવ વચ્ચે, ભારતીય કેપ્ટન દ્વારા સંચાલિત અને લાઈબેરિયન ધ્વજ ધરાવતું એક ક્રૂડ ઓઈલ ટેન્કર વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ એવી હોર્મુઝની સામુદ્રધુની પસાર કરીને મુંબઈ બંદરે પહોંચ્યું છે. મુંબઈ પોર્ટ ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયાના રાસ તનુરા બંદરેથી ક્રૂડ લોડ કરીને નીકળેલું ટેન્કર 'શેનલોંગ સુએઝમેક્સ', ઈરાન દ્વારા આ સાંકડા જળમાર્ગમાંથી પસાર થવાની મંજૂરી મળ્યા બાદ બુધવારે મુંબઈ આવી પહોંચ્યું હતું. હાલના સંજોગોમાં આ સામુદ્રધૂનિ પસાર કરીને આવનાર તે પ્રથમ ભારતીય જહાજ બન્યું છે.

આ જહાજનું આગમન ત્યારે થયું છે જ્યારે ઈરાને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર અને તેમના ઈરાની સમકક્ષ અબ્બાસ અરાગચી વચ્ચેની વાતચીત બાદ ભારતીય તેલ ટેન્કરોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાની મંજૂરી આપી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ન્યૂઝ એજન્સી ANI ના અહેવાલ મુજબ, આ ટેન્કર 1 માર્ચે રાસ તનુરાથી રવાના થયું હતું. મળતી માહિતી મુજબ, 5 થી 10 માર્ચ દરમિયાન ઈરાક અને આરબ ક્રૂડ ઓઈલના કુલ 30 લાખ બેરલ જથ્થા સાથે ભારત તરફ આવતા બે ટેન્કરો તેમના ટ્રાન્સપોન્ડર (ટ્રેકિંગ સિસ્ટમ) બંધ રાખીને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થયા હતા. ડેટા અનુસાર, આમાંનું એક ટેન્કર દક્ષિણ ઈરાકમાં આવેલા અલ-બસરા ઓઈલ ટર્મિનલ પરથી લોડ કરવામાં આવ્યું હતું, જ્યારે બીજું ટેન્કર સાઉદી અરેબિયાના પૂર્વ કિનારેથી રવાના થયું હતું.

ગેસની મોંકાણમાં દારૂ-ગ્લાસ બેઉ મોંઘા થશે!

રેસ્ટોરન્ટ્સ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે ખતરાની ઘંટડી

ભારત તેની જરૂરિયાતનો ૬૦% LPG આયાત કરે છે, જેમાંથી ૯૦% હિસ્સો હોર્મુઝની સામુદ્રધુની મારફતે આવે છે. આ રસ્તો બંધ થવાથી કોમર્શિયલ ગેસના પુરવઠામાં કાપ મુકાયો છે, જેનાથી અનેક ઉદ્યોગો મુશ્કેલીમાં મુકાયા છે.

૧. રેસ્ટોરન્ટ અને QSR ચેઈન્સ પર જોખમ

નાજુક સ્થિતિઃ ડોમિનોઝ (Jubilant), KFC/Pizza Hut (Devyani | Sapphire) અને મેકડોનાલ્ડ્સ (Westlife) જેવી ક્વિક-સર્વિસ રેસ્ટોરન્ટ્સ પાસે માત્ર એક અઠવાડિયાથી પણ ઓછો ગેસ સ્ટોક છે. ગેસના અભાવે આ રેસ્ટોરન્ટ્સની સેવાઓ ખોરવાઈ શકે છે, જેનાથી તેમની આવકમાં મોટો ઘટાડો થઈ શકે છે.

સ્ટોરેજ મર્યાદાઃ કાયદાકીય નિયમો મુજબ રેસ્ટોરન્ટ્સ ૧૦૦ કિલો (અંદાજે ૫ સિલિન્ડર)થી વધુ ગેસ સ્ટોર કરી શકતા નથી, જેના કારણે પુરવઠો ખોરવાતા જ ૪૮ થી ૭૨ કલાકમાં કામગીરી બંધ થવાની નોબત આવી શકે છે.

૨. લિકર (દારૂ) અને ગ્લાસ ઉદ્યોગમાં મોંઘવારી

ગ્લાસ મેન્યુફેક્ચરિંગ (જેમ કે બોરોસિલ) માટે ગેસ અનિવાર્ય છે. ગેસની અછતને કારણે કાચના ઉત્પાદનમાં કાપ મુકાયો છે.

ઈનપુટ કોસ્ટઃ યુનાઈટેડ સ્પિરિટ્સ જેવી કંપનીઓ માટે 'ગ્લાસ' એ કુલ ખર્ચના ૪૦% હિસ્સો ધરાવે છે. કાચ મોંઘો થતા દારૂ અને પીણાંની કિંમતો વધી શકે છે.

૩. પ્લાસ્ટિક અને FMCG સેક્ટર પર અસર

સરકારે રિફાઈનરીઓને આદેશ આપ્યો છે કે તેઓ પ્રોપેન અને બ્યુટેન જેવા ગેસને પ્લાસ્ટિક બનાવવાના બદલે LPG પુલમાં વાપરે.

આ નિર્ણયથી પ્લાસ્ટિકના ભાવ વધી શકે છે, જેની સીધી અસર FMCG (સાબુ, તેલ, શેમ્પૂ) અને પેઈન્ટ્સ કંપનીઓના પેકેજિંગ ખર્ચ પર પડશે.

ઈરાનના હુમલાઓ વિરુદ્ધ ભારતે 130 દેશો સાથે મળીને સુરક્ષા પરિષદમાં નિંદા પ્રસ્તાવ રજૂ કર્યો

ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના દેશો અને જોર્ડન પરના હુમલાઓ અટકાવવા ઠરાવમાં હાકલ, હોર્મુઝની સામુદ્રધૂનિમાંના હુમલાઓને વખોડાયાં

ઠરાવની તરફેણમાં ૧૩ મતો, વિરુદ્ધમાં એક પણ નહીં, રશિયા-ચીન મતદાન વખતે ગેરહાજર રહ્યા

સંયુક્ત રાષ્ટ્રો, તા. 12(PTI): ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એક એવા ઠરાવને સહ-પ્રાયોજિત કર્યો છે જેમાં ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC)ના દેશો અને જોર્ડન વિરુદ્ધ ઈરાન દ્વારા કરવામાં આવેલા ઘોર હુમલાઓની નિંદા કરવામાં આવી છે. આ ઠરાવમાં તેહરાન દ્વારા કરવામાં આવતા તમામ હુમલાઓને તાત્કાલિક બંધ કરવાની માંગ કરવામાં આવી છે અને હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાની તેની ધમકીઓની આકરી ટીકા કરવામાં આવી છે.

15 રાષ્ટ્રોની સુરક્ષા પરિષદ, જે હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખપદ હેઠળ છે, તેણે બુધવારે આ ઠરાવ પસાર કર્યો હતો. આ ઠરાવની તરફેણમાં 13 મતો પડ્યા હતા, જ્યારે વિરોધમાં એક પણ મત પડ્યો નહોતો, અને વીટો પાવર ધરાવતા કાયમી સભ્યો ચીન અને રશિયા મતદાનથી અલિપ્ત રહ્યા હતા. ભારતે બહેરીન દ્વારા રજૂ કરવામાં આવેલા આ ઠરાવને ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રિયા, બાંગ્લાદેશ, ભૂટાન, કેનેડા, ઈજિપ્ત, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, ઈટાલી, જાપાન, કુવૈત, મલેશિયા, માલદીવ, મ્યાનમાર, ન્યુઝીલેન્ડ, નોર્વે, ઓમાન, પાકિસ્તાન, કતાર, સાઉદી અરેબિયા, સિંગાપોર, સ્પેન, યુક્રેન, સંયુક્ત આરબ અમીરાત, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, યમન અને ઝામ્બિયા સહિત 130 થી વધુ રાષ્ટ્રો સાથે મળીને સહ-પ્રાયોજિત કર્યો હતો.ઠરાવમાં માંગ કરવામાં આવી હતી કે ઈરાન GCC દેશો અને જોર્ડન સામેના તમામ હુમલાઓ તાત્કાલિક બંધ કરે અને તેહરાન પાડોશી રાજ્યો સામે પ્રોક્સીઓના ઉપયોગ સહિતની કોઈપણ ઉશ્કેરણી કે ધમકીઓ તાત્કાલિક અને બિનશરતી રીતે બંધ કરે. તેમાં પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો કે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર વેપારી અને વ્યાપારી જહાજો દ્વારા નૌકાવિહારના અધિકારો અને સ્વતંત્રતાનો ઉપયોગ સન્માનિત થવો જોઈએ, ખાસ કરીને મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પર; અને આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ સભ્ય દેશોના તેમના જહાજોને હુમલાઓ અને ઉશ્કેરણીથી બચાવવાના અધિકારની નોંધ લેવામાં આવી હતી.

જયશંકર અને ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી વચ્ચેની વાતચીત બાદ

ઈરાને ભારતીય ટેન્કરોને 'હોર્મુઝ'માંથી પસાર થવાની આપી મંજૂરી?

થાઇલેન્ડનું જહાજ અમેરિકાના પોલા વચન પર વિશ્વાસ રાખીને ઇરાનની મંજૂરી વિના પસાર થતું હોવાથી હુમલાનો ભોગ બન્યાનો ઇરાની નૌકાદળનો ખુલાસો

તહેરાન, નવી દિલ્હી, તા. ૧૨ઃ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર અને ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી વચ્ચેની વાતચીત બાદ, ઈરાને ભારતીય ધ્વજ ધરાવતા ટેન્કરોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાની મંજૂરી આપી છે. એક અહેવાલ મુજબ, આ મહત્વપૂર્ણ ઘટના વિકાસ બાદ ઓછામાં ઓછા બે ભારતીય ટેન્કરો, 'પુષ્પક' અને 'પરિમલ', આ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ રહ્યા હોવાના અહેવાલ છે. બીજી તરફ, અમેરિકા, યુરોપ અને ઈઝરાયેલના જહાજો હજુ પણ પ્રતિબંધોનો સામનો કરી રહ્યા છે.

સાઉદી અરેબિયાનું ક્રૂડ ઓઈલ લઈ જતું અને ભારતીય કેપ્ટન દ્વારા સંચાલિત એક લાઈબેરિયન ધ્વજ ધરાવતું ટેન્કર પણ બે દિવસ પહેલા હોર્મુઝની સામુદ્રધુની પસાર કરીને મુંબઈ બંદરે પહોંચ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલો કરવામાં આવ્યા બાદ આ જળમાર્ગ પર દરિયાઈ અવરજવર લગભગ ઠપ્પ થઈ ગઈ હતી, તેવામાં સુરક્ષિત રીતે પસાર થનારું આ પ્રથમ જહાજ બન્યું છે.

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશન ગાર્ડ્સ કોર્પ્સ (IRGC) ના નૌકાદળના કમાન્ડરે જણાવ્યું છે કે જે જહાજો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવા ઈચ્છે છે તેમણે ઈરાનની મંજૂરી લેવી પડશે; અન્યથા, તેઓ ઈરાની હુમલાનું નિશાન બની શકે છે. એક વરિષ્ઠ ઈરાની નૌકાઅધિકારીએ જણાવ્યું હતું કે ઈરાનની ચેતવણીઓને અવગણનારા બે જહાજોને બુધવારે સામુદ્રધુનીમાં નિશાન બનાવવામાં આવ્યા હતા.

હિમાચલમાં હિમવર્ષા અને વરસાદ

શિમલા, તા. 12 (PTI): હિમાચલ પ્રદેશના વાતાવરણમાં ગુરુવારે મોટો ફેરફાર જોવા મળ્યો હતો. લાહૌલ-સ્પીતિના ઊંચાણવાળા વિસ્તારોમાં તાજી હિમવર્ષા થઈ હતી, જ્યારે નીચાણવાળા પહાડોમાં હળવો વરસાદ નોંધાયો હતો. આ કુદરતી કરામતથી પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોમાં ખુશીનો માહોલ છે, કારણ કે આનાથી પ્રવાસીઓનો ધસારો વધવાની આશા છે. તેનાથી વિપરીત, મેદાની વિસ્તારો જેવા કે સુંદરનગર અને સોલનમાં હિટવેવની સ્થિતિ જોવા મળી છે. હવામાન વિભાગે શુક્રવાર અને શનિવાર માટે 'યલો એલર્ટ' જાહેર કર્યું છે. જોકે, 14 માર્ચથી નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ચંબા અને કુલ્લું સહિતના ચાર જિલ્લાઓમાં ગાજવીજ સાથે વાવાઝોડાની શક્યતા છે. પહાડોમાં ઠંડીનું પુનરાગમન થયું છે, જ્યારે મેદાની પ્રદેશો ગરમીનો સામનો કરી રહ્યા છે.

હોર્મુઝની સામુદ્રધૂનિમાં જહાજોને સુરક્ષા પુરી પાડવાની ટ્રમ્પની ખાતરી

બે જહાજો હુમલાનો ભોગ બન્યા પછી ટ્રમ્પે કહ્યું કે વિશ્વ ટૂંક સમયમાં મોટી સુરક્ષા જોશે

વૉશિંગ્ટન, તા. ૧૨ઃ ડોનાલ્ડ ટ્રમ્પે ગત રાત્રે હોર્મુઝની સામુદ્રધુનીની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ નિર્ણય ઈરાન દ્વારા છોડવામાં આવ્યા હોવાનું મનાતા પ્રોજેક્ટાઈલ્સની અડફેટે ત્રણ માલવાહક જહાજો આવ્યા બાદ લેવામાં આવ્યો છે. અમેરિકી પ્રમુખે જણાવ્યું હતું કે વિશ્વ 'ખૂબ જ જલ્દી અને ખૂબ જ મોટી સુરક્ષા જોશે'.

આ ઘટના એવા અહેવાલો વચ્ચે આવી છે જેમાં જણાવાયું હતું કે, ઈરાન ઇસ્લામિક રિપબ્લિક સામેના અમેરિકાના યુદ્ધના બદલામાં કેલિફોર્નિયા પર ડ્રોન હુમલાનું આયોજન કરી રહ્યું હતું. ABC ન્યૂઝ દ્વારા પ્રાપ્ત એલર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, 'ઈરાને કથિત રીતે યુનાઈટેડ સ્ટેટ્સના કિનારે આવેલા એક અજ્ઞાત જહાજમાંથી માનવરહિત હવાઈ વાહનોનો ઉપયોગ કરીને આશ્ચર્યજનક હુમલો કરવાની આકાંક્ષા રાખી હતી, ખાસ કરીને કેલિફોર્નિયાના અજ્ઞાત લક્ષ્યો સામે, જો અમેરિકા ઈરાન સામે હુમલો કરે તો.' આ બાબતે FBI એ રાજ્યની પોલીસને ચેતવણી જારી કરી છે, જો કે કોઈપણ આયોજિત હુમલાના સમય અથવા લક્ષ્યની વિગતો જાહેર કરવામાં આવી નથી.

હોર્મુઝની સામુદ્રધુનીમાં એક કન્ટેનર શિપ અને બે બલ્ક કેરિયર્સને નિશાન બનાવવામાં આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય બજારોમાં ગભરાટ ફેલાયો હતો, તેના પછી પ્રમુખ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે નિવેદન આપ્યું હતું. તેમણે ઈરાન વિશે કહ્યું: 'તેમણે તેમનું નૌકાદળ ગુમાવી દીધું છે.

તેમણે તેમની વાયુસેના ગુમાવી દીધી છે અને તેમની પાસે હવે કોઈ એન્ટી-એરક્રાફ્ટ સાધનો નથી. તેમની પાસે કોઈ રડાર નથી. તેમના નેતાઓ ચાલ્યા ગયા છે. અને અમે આનાથી પણ વધુ ખરાબ કરી શકીએ છીએ.'

જહાજોએ હુમલાથી બચવા સિગ્નલમાં લખ્યું 'CHINA OWNER'

વિશ્લેષણ કરવામાં આવેલ ડેટા મુજબ ઓછામાં ઓછા આઠ જહાજોએ આવી ચાલાકી કરી

ચીનના જહાજો પર ઇરાન અને તેના સાથી જૂથો હુમલા નહીં કરતા હોવાથી અન્ય દેશોના જહાજો આવી નીતિ અપનાવી રહ્યા છે

હોંગકોંગ, તા. 12 (AP): ઈરાન યુદ્ધ શરૂ થયું ત્યારથી હોર્મુઝની સામુદ્રધુની અને પર્સિયન ગલ્ફની નજીક અથવા ત્યાંથી પસાર થતા કેટલાક વ્યાપારી જહાજોએ પોતાની જાતને 'ચીન સાથે જોડાયેલા' હોવાનું જાહેર કર્યું છે. મરીન ટ્રાફિક ડેટા દર્શાવે છે કે, સંભવિત હુમલાઓના જોખમને ઘટાડવા માટે જહાજ સંચાલકો આ વ્યૂહરચના અપનાવી રહ્યા છે. એસોસિએટેડ પ્રેસ (AP) દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલા 'મરીનટ્રાફિક' પ્લેટફોર્મના ડેટા મુજબ, પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાતમાં અથવા તેની આસપાસના ઓછામાં ઓછા આઠ જહાજોએ તેમના ગંતવ્ય સ્થાનના સિગ્નલો બદલીને CHINA OWNER(ચીની માલિક) અથવા CHINA OWNER | CREW (ચીની માલિક અને ક્રૂ) જેવા ટૂંકા સંદેશાઓ લખ્યા છે. મરીનટ્રાફિકની માલિકી ધરાવતી ડેટા એનાલિટિક્સ ફર્મ 'કપ્લર' (Kpler)ના ટ્રેડ રિસ્ક એનાલિસ્ટ આના સુબાસિચે જણાવ્યું હતું કે, ગલ્ફ અથવા હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતી વખતે જહાજો દ્વારા પોતાની જાતને ચીની તરીકે ઓળખાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય સામુદ્રધુનીમાંથી પસાર થવાની સુવિધા મેળવવા કરતાં હુમલાના જોખમને ઘટાડવાનો છે. આમાંના કેટલાક જહાજો સામુદ્રધુનીમાંથી પસાર થઈને તેમના ગંતવ્ય સ્થાનો તરફ આગળ વધ્યા હતા, જ્યારે અન્ય હજુ પણ તે વિસ્તારમાં જ હતા. સુબાસિચે વધુમાં જણાવ્યું હતું કે, ઈરાન અને તેની સાથે જોડાયેલા જૂથો સામાન્ય રીતે ચીન સાથે જોડાયેલા જહાજો પર હુમલો કરવાનું ટાળે છે, કારણ કે ઈરાન સાથે ચીનના મજબૂત આર્થિક સંબંધો છે અને ચીન આ મામલે પ્રમાણમાં તટસ્થ વલણ ધરાવે છે.

ગલ્ફના તનાવની અસરઃ ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો વધીને ૩.૨૧ ટકા

ગેસના ભાવોમાં વધારાની અસર છૂટક ફુગાવા પર દેખાઇ રહી છે

સોના, ચાંદી, હીરા, કેટલાક શાકભાજીના ભાવમાં આવેલા ઉછાળાની પણ અસર

નવી દિલ્હી, તા. ૧૨ઃ ગુરુવારે જાહેર કરવામાં આવેલા સરકારી આંકડા મુજબ, જાન્યુઆરીના 2.74 ટકાની સરખામણીએ ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો વધીને 3.21 ટકા થયો છે. આ વધારા પર અખાતી ક્ષેત્રના યુદ્ધ અને તનાવની અસર દેખાઈ રહી છે, જે તનાવને કારણે ક્રૂડ તેલ અને ગેસના ભાવો ખૂબ વધ્યા છે. ખોરાકી ચીજવસ્તુઓના ભાવોમાં વધારાની પણ અસર દેખાય છે. જોકે, કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) આધારિત છૂટક ફુગાવો રિઝર્વ બેંકના 2-4 ટકાના લક્ષ્યાંકની અંદર રહ્યો છે. સરકારે મધ્યસ્થ બેંકને ફુગાવો 4 ટકા પર જાળવી રાખવા માટેની કામગીરી સોંપી છે, જેમાં બંને બાજુ 2 ટકા સુધીની છૂટછાટ રાખવામાં આવી છે. ફેબ્રુઆરીના ફુગાવાના આંકડા ગયા મહિને જાહેર કરાયેલા 2024ના આધાર વર્ષ સાથેની નવી CPI શ્રેણી પર આધારિત છે.

મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ. Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

કબજા નોટિસ (સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)
જેથી, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(2) હેઠળ મળેલી સત્તાની રૂએ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ. (MHIL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ દેવાદાર(રો)/ જામીનદાર(રો) ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી.
દેવાદાર રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો)/ જામીનદાર(રો) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત અધિનિયમની કલમ 13(4) અને ઉક્ત નિયમોના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલી મિલકતનો કબજો લઈ લીધો છે.
ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.ના નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજને આધીન રહેશે. દેવાદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

અ. નં.	દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો) ના નામ/ લોન નં./ એકાઉન્ટ નં./ શાખા	ગીરો રાખેલ મિલકતની ટૂંકી વિગત	ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી નીકળતી રકમ (રૂ.)	કબ્જો લીધાની તારીખ
1.	લલિત રાજમણી દુબે/ આશા લલિત દુબે/ 004-00404707/ સુરત	સ્થાવર મિલકતોઃ ફ્લેટ નં. 105, પ્રથમ માળ, ક્ષેત્રફળ 30.10 ચો.મી., શિવ કમલ રેસીડેન્સી, બ્લોક નં. 88/B, સાઈ દીપ રેસીડેન્સી, આરાધના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પાસે, સુરત બારડોલી રોડ, સુરત-ગુજરાત- 394310. જેનું વધુ વિગતવાર વર્ણન વેચાણ દસ્તાવેજ નં. 12464/2018 તારીખ 05/06/2018 માં છે, જેની નોંધણી રસીદ નં. 2018120025110 છે. જેની ચતુર્દિશાઃ ઉત્તરઃ સોસાયટી રોડ, દક્ષિણઃ અડીને આવેલ પેસેજ, પૂર્વઃ ફ્લેટ નં. 106, પશ્ચિમઃ ફ્લેટ નં. 104.	20-માર્ચ-25/ રૂ. 24,51,780/- (રૂપિયા ચોવીસ લાખ એકાવન હજાર સાતસો એંસી પૂરા.)	28-Feb-2026
2.	રાહુલ આનંદા સોનવણે/ સુજાતા રાહુલ સોનવણે/ 004-00403536/ સુરત	સ્થાવર મિલકતોઃ ફ્લેટ નં. 512, 5મો માળ, રાધે રેસીડેન્સી ઓફ આરાધના લેક ટાઉન પાર્ટ-2, મોજે જોળવા, તા. પલસાણા. ઉત્તર- સોસાયટી હદ, દક્ષિણ- સોસાયટીનો આંતરિક રોડ, પૂર્વ- સોસાયટી હદ, પશ્ચિમ- સોસાયટીનો આંતરિક રોડ.	19-ઓગસ્ટ-25/ રૂ. 5,73,369/- (રૂપિયા પાંચ લાખ તોતેર હજાર ત્રણસો ઓગણસિત્તેર પૂરા.)	28-Feb-2026
3.	રણજીતકુમાર રામચંદર સાત્રા/ અલકાદેવી રણજીતકુમાર સાત્રા/ 004-00404610/ સુરત	સ્થાવર મિલકતઃ ફ્લેટ નં. G-1 ના પરિસર, જેનું બાંધકામ ક્ષેત્રફળ 25.64 ચો.મી. છે, જે જમીનના 5.10 ચો.મી. અવિભાજિત હિસ્સા સાથે, "ગ્રાઉન્ડ ફ્લોર", "ઓમ સાઈ કોમ્પ્લેક્સ", જે ગુજરાત રાજ્ય, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, મોજેઃ ગામ તાંતીથૈયાના બ્લોક નં. 2, 4, 5, 11-A, 12, 13-A, 14, 15, 16, 39, 40-A, 41, 42, 43, 157, 323-A, 325, 326 ના એકત્રીકરણ પછીના નવા બ્લોક નં. 2 બીનખેતી (N.A.) જમીન પૈકી, જે "સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી 2" તરીકે વિકસાવવામાં આવી છે, તેના પૈકી પ્લોટ નં. 271, 272, 273 (દરેકનું માપ 15 ફૂટ x 50 ફૂટ) અનુક્રમે ક્ષેત્રફળ 69.70, 69.70 અને 869.70 ચો.મી., કુલ ક્ષેત્રફળ 209.10 ચો.મી. પર આવેલ છે. પૂર્વ- અડીને આવેલ બાંધકામ મિલકત, પશ્ચિમઃ પેસેજ, ઉત્તરઃ અડીને આવેલ બાંધકામ મિલકત, દક્ષિણઃ પાર્કિંગ.	19-ઓગસ્ટ-25/ રૂ. 3,95,567/- (રૂપિયા ત્રણ લાખ પંચાણું હજાર પાંચસો સડસઠ પૂરા.)	28-Feb-2026
4.	પ્રદીપકુમાર જવાહરલાલ યાદવ/ સ્વાતી પ્રદીપકુમાર યાદવ/ 004-00404065/ સુરત	સ્થાવર મિલકતઃ નગર નિયોજક મંજૂર પ્લાન મુજબ પ્લોટ નં. 24 અને સાઇટ પરના ખાનગી પ્લોટ નં. 33 મુજબ જેનું ક્ષેત્રફળ 39.02 ચો.મી. છે, જે રોડ અને કોપ (COP) ના 21.23 ચો.મી. અવિભાજિત હિસ્સા સાથે, કુલ ક્ષેત્રફળ 60.25 ચો.મી., "નંદનવન રેસિડેન્સી", જે ગુજરાત રાજ્ય, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, મોજેઃ ગામ કારેલી- 394310, રેવન્યુ સર્વે નં. 42/3, બ્લોક નં. 71 બીનખેતી (N.A.) જમીન પૈકી પર વિકસાવવામાં આવેલ છે. સદર મિલકતની ચતુર્દિશા (વેચાણ કરાર મુજબ)ઃ પૂર્વઃ અડીને આવેલ પ્લોટ નં. 34, પશ્ચિમઃ અડીને આવેલ પ્લોટ નં. 32, ઉત્તરઃ અડીને આવેલ રોડ, દક્ષિણઃ અડીને આવેલ પ્લોટ નં. 24.	19-ઓગસ્ટ-25/ રૂ. 5,80,807/- (રૂપિયા પાંચ લાખ એંસી હજાર આઠસો સાત પૂરા.)	28-Feb-2026

તારીખઃ 13 માર્ચ, 2026
સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
પુણા શાખા : દુકાન નં.- જી-૧૫, ૧૬ અને ૧૭, શુભ પ્લાઝા, ભૈયા નગર, માધવદીપ રેસીડન્સી નજીક, પુણાગામ, સુરત-૩૯૫૦૧૦
ફોનઃ ૦૨૬૧-૨૮૫૧૯૧૧ Email ID : dbpuna@bankofbaroda.co.in

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, ૧. સ્વર્ગસ્થ. શ્રી ચેતન રશીકલાલ ચાપડીયા (દેવાદાર) ૨. શ્રી રાજ ચેતનભાઈ ચાપડીયા (સહ દેવાદાર, કાનુની વારસદાર તે સ્વર્ગસ્થ. શ્રી ચેતન રશીકલાલ ચાપડીયા ના પુત્ર)
૩. શ્રીમતી વાસંતીબેન ચેતન ચાપડીયા (સહ દેવાદાર, કાનુની વારસદાર તે સ્વર્ગસ્થ. શ્રી ચેતન રશીકલાલ ચાપડીયા ના પુત્ર)
અ) ઘર નં. ૪/૪૮૫, વડવાલી શ્રી, બેગમપુરા, સુરત -૩૯૫૦૦૩.
બ) ફ્લેટ નં. ૧૦૧, વોર્ડ નં. ૦૨, શીવ સાંઈ રેસીડન્સી, રૂસ્તમપુરા, કુંભારવાડ, સુરત- ૩૯૫૦૦૨.

મહેરબાનશ્રી,
વિષય : અમારી પુણા શાખા, સુરત માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.
અમારા તા.૩૦.૧૨.૨૦૨૦ ના રોજના મંજૂરી પત્ર Retail-00000470107-LMS માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીક્યુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર(હાલનો)	૦૨.૦૩.૨૦૨૬ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા હોમ લોન ખાતા નં. ૭૧૩૮૦૬૦ ૦૦૦૧૧૩૩	રૂ. ૧૩,૫૦,૦૦૦/-	૮.૩૦% + (પેનલ ૨% વ્યાજ) વાર્ષિક	રૂ.૬૦૪૧૪.૦૦ મુળ રકમ + લાગુ નહી કરેલ વ્યાજ રૂ.૬૨૧૧.૫૫ + અનસર્વડ વ્યાજ રૂ.૧૦૯૯૮.૨૮ + ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ.૨૪૮.૦૦ = રૂ. ૬૧૯૮૭૧.૮૩ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	ઈકવીટેબ મોર્ગેજ કરેલ ફ્લેટ નં. ૧૦૧, શીવ સાંઈ રેસીડન્સી, રૂસ્તમપુરા, કુંભારવાડ, જી. સુરત ખાતે આવેલ છે. જેનું રજીસ્ટ્રેશન ઈન્ટ્રુમેન્ટ ઓફ ડિપોઝીટ ઓફ ટાઈટલ ડીડ તા. ૨૧.૦૧.૨૦૨૧ રજી નં. ૪૮૦, સબ રજીસ્ટાર. ઓલપાડ, જી. સુરત ખાતે થયેલ છે. CERSAI ID 400059388260
કુલ	રૂ. ૧૩,૫૦,૦૦૦/-		રૂ. ૬૧૯૮૭૧.૮૩ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	

સુરક્ષીત કરેલ વર્ણન : તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે શીવ સાંઈ રેસીડન્સી ના 'બી' બિલ્ડીંગ ના ૧લા માળ નો ફ્લેટ નં.૧૦૧ સુપર બિલ્ટઅપ એરીયા માપ ૪૭.૦૫ ચો.મી તેનો બિલ્ટઅપ એરીયા માપ ૨૮.૩૫ ચો.મી, જમીન નો વોર્ડ નં. ૨ સીટી સર્વે નોંધ નં. ૧૮૫/બી માપ ૨૯૭.૫૬.૧૬ ચો.મી, સીટી સર્વે નોંધ નં. ૧૮૬ માપ ૧૪૯.૬૬.૭૨ ચો.મી અને સીટી સર્વે નં. ૧૮૭ માપ ૭૮.૫૯.૫૨ ચો.મી પૈકી ૩૯૬.૯૮૮ ચો.મી ની બહાર ૪૯૫.૮૨૫ ચો.મી મોજે ગામ. રૂસ્તમપુરા એરીયા, કુંભારવાડ, સુરત, સબ ડિસ્ટ્રીક્ટ અને જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ગલી, **પશ્ચિમ તરફ** : પ્રવેશ, **ઉત્તર તરફ** : જોડેની મિલકત, **દક્ષિણ તરફ** : ફ્લેટ નં. ૧૦૨.

૧. દસ્તાવેજ મુજબ તમે **તા.૩૦.૧૨.૨૦૨૦** ના રોજના **રૂા.૧૩,૫૦,૦૦૦/-** અને બેંકની માર્ગદર્શિકા મુજબ અન્ય ચાર્જીસ ની તમારી જવાબદારી સ્વીકારી છે. ૨. તમે જાણો છો કે **ડિસેમ્બર-૨૦૨૫** માં પુરા થયેલ ત્રિમાસિક સમયમાં તમે ઉપરોક્ત લોન ના વ્યાજ ની પરત ચુકવવામા કસુર કર્યો છે. અને **તા.૧૬.૧૧.૨૦૨૫** અને ત્યાર બાદ લોનના હપ્તા/બાકી રકમ ચુકવવામાં પણ કસુર કર્યો છે.૩. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. તમારૂં લોન ખાતું **તા.૧૪.૦૨.૨૦૨૬** ના રોજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડયાની જોગવાઈ મુજબ નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. અમારી માંગણાની વારંવારની વિનંતી છતાં તમે ઓવરડયુ લોન તેના ઉપરના વ્યાજ સાથે ચુકવ્યા નથી. ૪. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી સીસી/ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૬,૧૯,૮૭૧.૮૩ (અંકે રૂા. છ લાખ ઓગણીસ હજાર આઠસો ઈકોતેર અને ત્યાંશી પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી પેરા-૧ માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. **૫.** કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬. તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ ની તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૭. વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૮. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ ક્યાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા. ૦૨.૦૩.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પુણા શાખા.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

મોતીયાનુ ઓપરેશન
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

જુના બંધ હાલતમાં
2- વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો- 9427178600

ઘરબેઠા TV, LCD,
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

લાઈફ હિંચકાના કડાં
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

વુલન સ્વેટરો,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

સરળ Bank Loan
કરાવીઆપીશું, Good Profile ઈન્કમ Property, Gold, Business 9824141999

ફીઝીકલ શેર સર્ટીફીકેટ
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

કબુતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત વેચવાની છે

વેચવાનું છે
સુમુલ ડેરી રોડ પર બંગલો વેચવાનો છે દલાલ ભાઈઓ આવકાર્ય Mo:- 9879943152

લગ્ન વિષયક

સુરત રહેતી
30 વર્ષની એન્જીનીયર કણબી પટેલ યુવતી માટે Well Settled યુવક આવકાર્ય (જ્ઞાતિ બાધ નથી) 9512318416

મિલ્કત ભાડેથી

ઓફીસ લાયક જગ્યા
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

નોકરી વિષયક

આઈસ્ક્રીમની એજન્સી
માટે સ્ટાફ જોઈએ છે. ફોર વ્હીલર ટેમ્પો ડ્રાઈવર, હેલ્પર & ડેટાએન્ટ્રી ઓપરેટર. Contact 8905021760

ફિઝિયોથેરાપી ક્લિનિક
માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

પ્રિન્ટિંગના મશીન
કામ માટે માણસો જોઈએ છે કમ્પ્યુટર આવડવું હોવું જોઈએ, ઉંમર 20થી 25 વર્ષ. 6353685196 ઘોડદોડ રોડ સુરત

પેરાલીસીસ વાળા બેનની
સેવા ચાકરી કરવા તથા રસોઈ વિગેરે ઘરકામ માટે 24 કલાક બેન જોઈએ છે. 8141169821

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

સ્વપ્ન ટ્રાવેલ્સ
પર વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 10/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

રોશનીશિવ ટ્રાવેલ્સ
સુરત.- 9427478966, (1) તારીખ- 15/5, જગન્નાથપુરી, કલકત્તા, કામાખ્યાદેવી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, દિવસ- 13, (2) તારીખ- 16/5, ચારધામ સાથે હરીદ્વાર, દિવસ- 15, (3) તારીખ- 17/5, તિરૂપતિ, રામેશ્વરમ, મદુરાઈ, હૈદરાબાદ, શ્રીશૈલમ, કન્યાકુમારી ત્રિવેન્દ્રમ, દિવસ- 12

રોયલ ભુતાન
૩ સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉ.તારીખઃ 22-05-26.જાણીતું અને અનુભવી નામઃ બંકીમ મહેતા (સંસ્થાપક) સંપર્કઃ 9429507723. JOY N JOY TRAVELS.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.